# મનસુખની મુલાકાત...

## વાર્તા પરમાણુ વીજળીઘરની મુલાકાતની...



ભાગ–2

અત્યાર સુધી તમે વાંચ્યું કે જિગ્નેશે મનસુખ અને ગામડાના અન્ય લોકોને પરમાણુ વીજળીઘર સાથે જોડાયેલી તમામ જાણકારી કેવી રીતે આપી...

તેણે ગામડાના લોકોને પરમાણુ વીજળીઘરથી થનારા માત્ર લાભ અંગે જ નહીં, પરંતુ તેમના મનમાં કેટલાય વર્ષોથી ચાલતી આવતી અજ્ઞાનતા અને રૂઢીચુસ્તતાને દૂર કરવાનો પ્રયત્ન પણ કર્યો હતો. તેના આ પ્રયત્નને કારણે ગામના લોકોના મનમાંથી પરમાણુ ઊર્જા માટે ફેલાયેલી શંકા અને ભ્રમણાઓ ઘણા અંશે દૂર થઈ અને તેની સાથે સાથે ગામના લોકોને પરમાણુ વીજળીઘરની મુલાકાત માટે તેણે આપલું વચન પણ પૂરું કર્યું.

તો આવો, મનસુખ અને ગામના લોકો સાથે પરમાણુ વીજળીઘરની રોમાંચક મુલાકાતે જઈએ...

હવે આપણે જોઈએ કે મનસુખ અને ગામના લોકો આ મુલાકાતની મજા કેવી રીતે લે છે...





પાછલી વખતે જિગ્નેશે પરમાણુ વીજળીઘરની મુલાકાત લેવા માટે કરેલી વાત અંગે ગામના તમામ લોકો સરપંચના ઘરે પહોંચે છે... અને તેમને પરમાણુ વીજળીઘરની મુલાકાતે લઈ જવા અંગે જણાવે છે...
(સરપંચ જિગ્નેશને ફોન લગાવીને...) હેલો જિગ્નેશ બેટા...
દાદાજી ! નમસ્તે !
ખુશ રહે બેટા... જિગ્નેશ... મનસુખકાકા, લક્ષ્મીકાકી અને ગામના અન્ય લોકો પરમાણુ વીજળીઘરની મુલાકાત લેવાની વાત કરી રહ્યા છે... શું તુ તૈયાર છે?
કેમ નહીં દાદાજી? હું અત્યારે જ પરમાણુ વીજળીઘરના અધિકારીઓ સાથે વાત કરીને તમને થોડી વારમાં જણાવું છું...
(થોડી વાર પછી...) હેલો દાદાજી!
હેલો! હા જિગ્નેશ બેટા... તારી વાત થઈ?


હા દાદાજી... મારી વાત પણ થઈ અને એ લોકો ખુશ થઈને તૈયાર પણ થઈ ગયા છે... હું બે દિવસ પછી ગામડે આવું છું... અને હું તમને સૌને ત્યાં આવીને મળું છું... અને હા, મનસુખકાકા... લક્ષ્મીકાકી અને ગામના અન્ય લોકોને કહી દેજો કે તે સૌ તૈયાર રહે... હું બે દિવસ પછી ત્યાં પૂરી તૈયારી સાથે પહોંચીશ અને તેમને ત્યાંથી રાજસ્થાન પરમાણુ વીજળીઘરની મુલાકાત કરાવીશ... હવે હું ફોન મૂકું છું... બે દિવસ પછી મળીશ... નમસ્તે દાદાજી!
ખુશ રહે બેટા...
લો ભાઇ મનસુખ તારું કામ તો થઈ ગયું... હવે તો તમારી મુલાકાત પાક્કી... હા... હા... હા... (સરપંચ અને ગામના તમામ લોકો હસી પડે છે...)
ઠીક છે સરપંચજી... હવે અમે સૌ જઈએ છીએ, બે દિવસ બાદ સવારે 8 વાગ્યે અમે સૌ અહીં મળીશું... ત્યાં સુધી રામ રામ...
રામ રામ ભાઈઓ રામ રામ !
બે દિવસ પછી... (ગામના દરેક લોકો સરપંચનાં ઘર તરફ જતા...)


રામ રામ સરપંચજી...
રામ રામ, રામ રામ! આવી ગયા તમે લોકો... તમારી સૌની રાહ જોઈ રહ્યો હતો...
પણ સરપંચજી... જિગ્નેશ બેટા ક્યાં છે? એ અમને ક્યાંય દેખાઈ રહ્યો નથી...
હા સરપંચજી, મને પણ નથી દેખાઈ રહ્યો...
ક્યાંક એવું તો નથી ને કે જિગ્નેશે આપણને મૂર્ખા બનાવ્યા હોય ...
હા નાનપણમાં પણ તે આવી બદમાશી કરતો હતો ...
(દરેક લોકો અંદરોઅંદર વાત કરવા લાગે છે અને એકબીજાની તરફ જુએ છે...)


(હસીને...) અરે ના ભાઈ... એવું બિલકુલ નથી... થોડી ધીરજ ધરો... જિગ્નેશ આવતો જ હશે... આ જુઓ, આવી ગયો...
(ત્યારે જ જિગ્નેશ એક મોટી બસમાંથી ઉતરે છે અને ગામના લોકોની તરફ આવે છે...)
નમસ્તે દાદાજી!
ખુશ રહે બેટા... ખૂબ જીવો!
તમને સૌને મારા સાદર પ્રણામ! અરે વાહ! આજે તમે સૌ ખૂબ સરસ લાગો છો... કેમ મનસુખકાકા... આજે તો તમે ખૂબ ખુશ દેખાઇ રહ્યા છો...
હા બેટા... પરમાણુ વીજળીઘરની મુલાકાત અંગે વિચારીને ઘણી ખુશી થઈ રહી છે... વિચારું છું કેવું હશે... કેટલું મોટું હશે...
હા બેટા, અમે સૌ પણ ખૂબ ઉત્સુક છીએ ત્યાં જવા માટે...


તો ચાલો... રાહ શેની? બધા લોકો આ બસમાં બેસી જાઓ અને થોડી જ વારમાં આપણે સહુ ત્યાં પહોંચી જઈશું...
ઠીક છે બેટા... (દરેક લોકો બસમાં બેસવા માટે જવા લાગે છે...)
(થોડી વાર પછી બસ ચાલવા લાગે છે...)
કેમ મનસુખકાકા... કેવું લાગી રહ્યું છે? મજા આવે છે કે નહીં?...
હા બેટા... અમને સહુને ખૂબ મજા આવી રહી છે... હવે તો બસ જલ્દીથી પહોંચવાની રાહ જોઈ રહ્યા છીએ... પરંતુ બેટા એક વાત તો અમે તને પૂછવાનું ભૂલી ગયા...
શું થયું કાકા? શું પૂછવાનું ભૂલી ગયા?...
એ જ... કે પરમાણુ વીજળીઘરમાં તારી ઓળખાણ કેવી રીતે થઈ? તને આટલી બધી જાણકારી કેવી રીતે મળી? આખરે તે આ કર્યું કેવી રીતે?



(હસીને...) હું જાણતો હતો કે કાકા તમે મને આ પ્રશ્ન જરૂર પૂછશો... હું જ્યારે મારો એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યો હતો, ત્યારે મને રાજસ્થાન પરમાણુ વીજળીઘરમાં બે મહિનાની ટ્રેઈનિંગ લેવાની તક મળી હતી અને મેં ત્યાં બે મહિના રહીને દરેક બાબતોને સૂક્ષ્મતાથી જોઇ... એટલા જ માટે આપ સૌને તે દિવસે પરમાણુ વીજળીઘર સાથે સંકળાયેલી તમામ વાતો જણાવી હતી... સમજ્યા કાકા?
સમજી ગયા બેટા... તું તો ખરેખર ખૂબ જ સમજદાર થઈ ગયો છે...
(થોડી જ વારમાં બસ પરમાણુ વીજળીઘરના મુખ્ય ગેટ પાસેથી આવીને થોભે છે)
લો કાકા... આવી ગયું પરમાણુ વીજળીઘર... આપણે સૌ પહોંચી ગયા... હવે તમે સૌ બસમાંથી ઉતરીને એક જગ્યાએ ઊભા રહો... હું જઈને સુરક્ષા વિભાગના અધિકારીઓ સાથે વાત કરું છું...
રાજસ્થાન પરમાણુ વીજળી ઘર 5-6
વાંધો નહીં જિગ્નેશ બેટા... જેમ તું કહે...
રાજસ્થાન પરમાણુ વીજળી ઘર 5-6
બધા ગામ લોકો બસમાંથી ઉતરી જાય છે અને એક તરફ ઊભા રહી જાય છે... અને ત્યાંની સુરક્ષા વ્યવસ્થા જોઈને આશ્ચર્ય પામે છે...
રાજસ્થાન પરમાણુ વીજળી ઘર 5-6
જિગ્નેશ સુરક્ષા ગેટની તરફ આવેલા એક ઓરડામાં જાય છે...
તે દરમિયાન મનસુખ અને ગામના અન્ય લોકો ગેટની અંદર જુએ છે...
તમારા લોકોમાં જેની પાસે મોબાઇલ, કેમેરા અથવા અન્ય કોઇ ઉપકરણો હોય તો કૃપા કરીને અહીં જમા કરાવી દો... પરમાણુ વીજળીઘરમાં અંદર આ પ્રકારની ચીજવસ્તુઓ પ્રતિબંધિત છે...
હવે તમે સૌ એક પછી એક પોતાનો પાસ બનાવડાવી લો.
(સહુ લોકો પોતાનો મોબાઇલ, કેમેરા જમા કરાવી દે છે)
(સહુ લોકો એક પછી એક પોતાનું પ્રવેશપત્ર બનાવડાવે છે)



ત્યારે જ જિગ્નેશ બે અધિકારીઓ સાથે ત્યાં પહોંચે છે...
તો જિગ્નેશ... આ બધાનો પાસ બની ગયો છે, હવે તમે બધા બસમાં જઈને બેસી જાઓ. અહીંથી તમે બધા પરમાણુ વીજળીઘરમાં પ્રવેશ કરશો. ત્યાં એક વધુ સુરક્ષા વ્યવસ્થા હશે, જ્યાં તમારી તપાસ કરવામાં આવશે અને અંદર જવાની મંજૂરી મળી જશે...
તમારો ખૂબ ખૂબ આભાર સાહેબ!
રાજસ્થાન પરમાણુ વીજળી ઘર 5-6
(જિગ્નેશ ગામના લોકોનો અધિકારીઓ સાથે પરિચય કરાવે છે...)
કાકા આ અમીતકુમારજી છે...
આગળની મુલાકાત આપણને અમીતકુમારજી કરાવશે...
તમને સૌને મારા પ્રણામ!
આપ સહુનું રાજસ્થાન પરમાણુ વીજળીઘરમાં સ્વાગત છે...
આવો, હવે આપણે સહુ અંદર જઈશું...
(બધા લોકો બસમાં બેસી જાય છે, ગેટ ખુલે છે અને બસ અંદર પ્રવેશે છે...)



ભાઈઓ અને બહેનો, હવે આપણે જે જગ્યાએથી પસાર થઈ રહ્યા છીએ તેને અમે એક્સકલૂજન ઝોન કહીએ છીએ . અહીં મંજૂરી વિના પ્રવેશ કરી શકાતો નથી.
અચ્છા! પરંતુ અહીં શું કામ થાય છે?
પરમાણુ વીજળીઘરની ચારે બાજુએ 1.6 કિલોમીટરનાં ક્ષેત્રમાં સઘન વૃક્ષો અને જંગલ હોય છે, જ્યાં હરિયાળી ધરાવતા વાતાવરણને લીધે લાખો પક્ષીઓ, પતંગિયા અને અન્ય જીવ–જંતુઓનું સંરક્ષણ કરવામાં આવે છે... જેથી વાતાવરણ ઘણું સ્વચ્છ રહે છે.
અરે વાહ! સાચે જ અહીં હરિયાળી છે... ચારેય તરફ ખૂબ જ સ્વચ્છ વાતાવરણ છે... અને શું અમે પણ પક્ષીઓ અને પતંગિયા જોઇ શકીએ છીએ?
કેમ નહીં... અરે ભાઇ, આગળ ડાબી બાજુએ રોકો...
(બસ થોભી જાય છે અને લોકો નીચે ઉતરીને ત્યાં ફરવા લાગે છે...)


અરે વાહ! કેટલું સરસ દૃશ્ય છે...
ખૂબ જ સુંદર વાતાવરણ છે... જુઓ, કેટલી બધી ચકલીઓ છે...



અરે હા...
પેલો જુઓ મોર...
કેટલો સુંદર છે...
મજા આવી
ગઈ જોઈને...



સુરક્ષાની દ્રષ્ટિએ પણ આ સ્થળ ઘણું મહત્ત્વપૂર્ણ હોય છે અને આ સ્થળનો ઉપયોગ માત્ર આપણે આ લુપ્તપ્રાય પક્ષીઓનાં સરંક્ષણ માટે જ નહીં, પરંતુ સંકટ સમયે જો પરમાણુ વીજળીઘરમાં કોઇ દુર્ઘટના થાય છે તો તેનાથી નીકળતા વિકિરણનાં પ્રસરણને ઘણા અંશે રોકી શકાય છે.
ઓહ! તો આ વાત છે... એટલા જ માટે પરમાણુ વીજળીઘરની ચારે બાજુએ 1.6 કિલોમીટરનો એક્સક્લુઝન ઝોન બનાવવામાં આવે છે...
(ત્યાર બાદ બધા લોકો ફરી બસમાં બેસીને અંદરની તરફ જવા લાગે છે... થોડી વાર પછી પરમાણુ વીજળીઘરનો બીજો ગેટ દેખાય છે...)
ભાઈઓ અને બહેનો... હવે તમે સૌ એક પછી એક બસમાંથી ઉતરીને નીચે આવી જાઓ... અહીંથી આપણે સુરક્ષા કેન્દ્રમાંથી પસાર થઈને પરમાણુ વીજળીઘરમાં પ્રવેશ કરીશું...
જી... બિલકુલ...
(બધા લોકો ઉતરી જાય છે... અને સુરક્ષા તપાસ સ્થળેથી પસાર થઈને પરમાણુ વીજળીઘરમાં પ્રવેશ કરે છે...)
(સુરક્ષા તપાસમાંથી પસાર થતા ...)


(અંદર પહોંચતા જ પરમાણુ વીજળીઘરનું દૂરથી જ ખૂબ સુંદર દ્રશ્ય દેખાય છે, જેને જોઇને ગામના દરેક લોકો રોમાંચિત થઈ જાય છે...)
અરે બાપ રે ! આ તો કેટલું વિશાળ અને મોટું દેખાય છે...
અરે હા... ખૂબ જ સુંદર દેખાય છે...


આવો, હું હવે તમને સૌને આની મુલાકાતે લઈ જઈશ...
તમે લોકો આ જે ગોળ ભૂંગળા જેવું જુઓ છો તે રિએક્ટર ભવન છે... આ પરમાણુ વીજળીઘરની સૌથી મહત્ત્વપૂર્ણ જગ્યા છે, જ્યાંથી વીજળી બનાવવાની પ્રક્રિયા શરૂ થાય છે... ભવનમાં મુખ્યત્ત્વે બે દિવાલો હોય છે... પ્રથમ દિવાલ અને બીજી દિવાલ... બંને દિવાલો કોંક્રીટની બનેલી હોય છે અને ખૂબ જ મજબૂત હોય છે...
અચ્છા! શું અમે લોકો તેને અંદરથી પણ જોઇ શકીએ છીએ?



કેમ નહીં? ખૂબ જ આરામથી અંદર જઈ શકાય છે, પરંતુ અંદર જતા પહેલા તમારે વિશેષ પ્રકારના કપડા અને મોજા પહેરવા પહેરવા પડશે...
આવો, હું તમને સૌને આની અંદરથી મુલાકાત કરાવું છું...
(ત્યાર બાદ બધા લોકો વિશેષ પ્રકારના કપડા, મોજા અને ટી.એલ.ડી./ડોઝીમીટર નામનું ઉપકરણ પહેરીને પ્રવેશ કરે છે...)
અચ્છા સાહેબ, અમને એ જણાવો કે આ ભવનમાં બે દિવાલો કેમ બનાવવામાં આવી છે... અમારા ઘરોમાં તો માત્ર એક જ દિવાલ હોય છે...
ખૂબ જ સરસ પ્રશ્ન કર્યો છે મનસુખે... વાસ્તવમાં સુરક્ષાની દ્રષ્ટિએ અમે બે દિવાલો બનાવીએ છીએ... જો ક્યારેક કોઈ દુર્ઘટનાને લીધે વિકિરણ સહેજ પણ ઉત્સર્જિત થાય તો તે પ્રથમ દિવાલ સુધી જ મર્યાદિત રહેશે... ધારો કે ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાં વિકિરણ પ્રથમ દિવાલથી બહાર જાય તો તેના બાદ બીજી દિવાલ તેને બહાર નીકળવા દેશે નહીં... સાથે સાથે બંને દિવાલોની વચ્ચે અમે થોડું અંતર પણ રાખીએ છીએ, જેનાથી વિકિરણ ત્યાં સુધી મર્યાદિત રહે... હવે તમે સમજ્યા અમે બે દિવાલ કેમ બનાવીએ છીએ?
પરંતુ આ દિવાલ કેટલી મજબૂત હોય છે? શું એ તૂટી પણ શકે છે?



હા...હા...હા... (હસતા હસતા) પરેશ, આ દિવાલ એટલી મજબૂત બનાવવામાં આવી હોય છે કે જેટ વિમાન ખૂબ ઝડપે ટકરાય તો પણ આ દિવાલને કોઈ નુકસાન થશે નહીં, સમજ્યા... અને દરેક દિવાલની જાડાઈ લગભગ 1 મીટર સુધીની હોય છે.
અચ્છા !
(તેના પછી રિએક્ટર બિલ્ડિંગમાં ફરતા ફરતા દરેક લોકો એક દરવાજામાંથી પ્રવેશ કરે છે અને કેલેંડ્રિયા સુધી પહોંચે છે... ત્યાં પહોંચીને તેમને એક જગ્યા પર કાચની એક નાની બારી દેખાય છે... બધા કુતુહલથી તેની અંદર જોવાનો પ્રયાસ કરે છે...)
આ શું છે? આની અંદર ખૂબ જ છિદ્રો દેખાઇ રહ્યા છે...
અરે હા, આની અંદર આ ગોળ ગોળ જેવી વસ્તુ શું છે?


જેવી રીતે આપણા શરીરનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ હૃદય હોય છે તેવી રીતે આ પરમાણુ વીજળીઘરનું હૃદય હોય છે, તેને કેલેંડ્રિયા કહેવામાં આવે છે. તેમાં ઘણા બધા છીદ્રો બનાવવામાં આવેલા હોય છે... આ છીદ્રોમાં અમે યુરેનિયમ નામના એક ઇંધણને નાખીએ છીએ, જેમાં રહેલા પરમાણુની તૂટવાની પ્રક્રિયા દ્વારા ઘણી ઉષ્મા નીકળે છે, જે તેમાં રહેલા ભારે પ્રમાણનાં પાણીને ગરમ કરે છે અને આ ભારે પાણી બોયલરમાં સામાન્ય પાણીને ગરમ કરે છે, જેનાથી વરાળ પેદા થાય છે... આ વરાળ ટર્બાઈનના પંખાને ફેરવે છે અને ટર્બાઈનના પંખા જનરેટર સાથે જોડાયેલા હોય છે અને તેનાથી વીજળી પેદા થાય છે... ત્યાર બાદ તેને ગ્રિડ સાથે જોડવામાં આવે છે. ત્યાર બાદ ત્યાંથી ટ્રાન્સફોર્મર અને વિદ્યુત તારોની મદદથી વીજળીને ઘરે ઘરે પહોંચાડવામાં આવે છે...
(બધા લોકો તેમની વાતને ધ્યાનથી સાંભળે છે...)
અચ્છા મારે તમને એક પ્રશ્ન પૂછવો છે... મને એ જણાવો કે વીજળી બનવાની પ્રક્રિયામાં જ્યારે ઇંધણ ખૂટી જાય ત્યારે બીજી વખત ઇંધણ કેવી રીતે ભરો છો? કારણ કે અંદર તો કોઇ જઈ શકતું નથી...
મને તમારી વાતો સાંભળીને ઘણો આનંદ થઈ રહ્યો છે... તમે ખૂબ સરસ પ્રશ્ન કર્યો છે... વાસ્તવમાં સમગ્ર પ્રક્રિયા કોમ્પ્યુટરાઈઝ્ડ હોય છે અને રોબોટની મદદથી અમે ફરીથી ઇંધણ ભરીએ છીએ... કારણ કે તેની અંદર માણસોનો પ્રવેશ પ્રતિબંધિત હોય છે.
(ત્યાર બાદ બધાને અમીતકુમાર રિએક્ટર ભવનમાંથી બહાર લઈ જાય છે અને કંટેમિનેશનની તપાસ કરતા મશીનની નજીક પહોંચે છે...)





આ શું છે?
સવિતામાસી... અમે જ્યારે પણ પરમાણુ વીજળીઘરની અંદર રિએક્ટર ભવનમાંથી કામ કરીને નીકળીએ છીએ ત્યારે આ મશીનમાંથી પસાર થઈને નીકળીએ છીએ... તેનાથી અમને એ જાણવા મળે છે કે આપણા શરીર અને કપડામાં કોઈ કંટેમિનેશન (રેડિયો એક્ટિવ તત્વોનું કપડા અથવા શરીર પર ચોંટી જવું) તો લાગ્યું નથી? યાદ છે શરૂમાં અમે તમને વિશેષ પ્રકારના વસ્ત્રો, મોજા અને ઉપકરણ પહોરાવ્યા હતા...
હા યાદ આવ્યું...
હવે તમે લોકો આ દરેક ચીજવસ્તુઓને ઉતારી દો અને એક પછી એક આ મશીનમાંથી પસાર થાઓ... તેથી જાણી શકાય કે કોઈ કંટેમિનેશન તો લાગ્યું નથી ને...
(ત્યાર બાદ દરેક લોકો પોતાના વસ્ત્રો અને ઉપકરણો તપાસીને અને ઉતારીને એક જગ્યાએ બનાવેલા બોક્સમાં જમા કરાવી દે છે...)
(બધા લોકો એક પછી એક આ મશીનમાંથી પસાર થાય છે...)
જોયું તમે સૌએ લીલા રંગનું બટન ચાલુ થતા મશીને જણાવી દીધું કે કોઈને કોઈ પણ પ્રકારનું કંટેમિનેશન લાગ્યું નથી...
અરે હા, આ તો ખૂબ જ સુરક્ષિત છે... તેથી જ વર્ષોથી કાર્ય કરી રહેલા એન્જિનિયરોને કશું થતું નથી... હવે સમજાયું...
બિલકુલ બરાબર... આવો, હવે હું તમને સૌને ટર્બાઈન હોલમાં લઈ જાઉં... (દરેક લોકો ટર્બાઈન હોલમાં પહોંચે છે...)


આ જુઓ... આ ટર્બાઇન હોલ છે, અહીં જનરેટરની મદદથી વીજળી પેદા કરવામાં આવે છે... તમે લોકો તેની સાથે ઘણા બધા પંપો જોઇ શકો છો... આ તમામ ચીજવસ્તુઓ ઉષ્મા નિયંત્રિત કરવાનું કાર્ય કરે છે.
અરે બાપ રે. આ કેટલો મોટો છે... સાચે જ મજા આવે છે આ બધી વસ્તુઓને જોઇને...
(બધા લોકો આશ્ચર્ય પામીને એકબીજાની સામે જુએ છે...)
હવે તમને અહીંથી કંટ્રોલ રૂમમાં લઈ જઈશું... (બધા લોકો કંટ્રોલ રૂમમાં પહોંચે છે...)
(કંટ્રોલ રૂમનું દૃશ્ય... અહીં કાર્ય કરનારા લોકોનું દૃશ્ય...)
આ જુઓ... આ પરમાણુ વીજળીઘરનો કંટ્રોલ રૂમ છે... અહીંથી દરેક પ્રક્રિયાનું સંચાલન કરવામાં આવે છે...


આ લાલ... પીળા... લીલા રંગોની આટલી બધી લાઇટો... આનું શું કામ છે?
લક્ષ્મીજી આ વિદ્યુત સાથે સંબંધ ધરાવતી જુદી જુદી વસ્તુઓની ગણતરી કરવા માટે હોય છે... જેમ કે કેટલી વિદ્યુત પેદા થઈ રહેલ છે... તેનું નિયંત્રણ કેવું છે... વગેરે... તેની સાથે કોઈ પણ પ્રકારના સંકટ સમયે પરમાણુ વીજળીઘરને અહીંથી જ સંપૂર્ણ રીતે બંધ કરી શકાય છે, જેથી આપણા પરમાણુ વીજળીઘર સુરક્ષિત રહી શકે.
અહીં હંમેશાં કોઈ હાજર હોય છે?
હા, અહીં દરેક સમયે 24 કલાક અમારા તાલિમ પામેલા એન્જિનિયરો ડ્યુટી પર હોય છે... અને પરમાણુ વીજળીઘર સાથે જોડાયેલી તમામ અન્ય પ્રક્રિયાઓનું સંચાલન કરે છે. હવે હું તમને સૌને બહાર લઈ જાઉં...
(અમીતકુમાર દરેકને લઈને બહાર આવે છે...)


(બહાર રહેલા કુલિંગ ટાવરનું દ્રશ્ય...)
અરે પેલું ચીમની જેવું શું છે... ત્યાંથી ધુમાડો નીકળી રહ્યો છે...
હસતા હસતા... અરે તે કુલિંગ ટાવર છે... અને તમને જે ધુમાડો દેખાય છે તે પાણીની વરાળ છે, જે ઉપરની તરફ નીકળી રહી છે... કુલિંગ ટાવરની મદદથી અમે વીજળીઘરની અંદરથી નીકળતા પાણીનું તાપમાન ઠંડુ કરીએ છીએ... જેનાથી પાણીનું તાપમાન સામાન્ય થવાને લીધે જળસૃષ્ટિમાં પ્રાણીઓ પર કોઈ પ્રતિકૂળ અસર પહોંચે નહીં.
અચ્છા આ સમગ્ર પ્રક્રિયામાં શું કોઈ કચરો નીકળે છે? તેનું શું થાય છે? કારણ કે અમે સાંભળ્યું છે કે તેનાથી પણ ખૂબ જ વિકિરણ નીકળે છે...
બિલકુલ સાચો પ્રશ્ન ક્યો છે... વાસ્તવમાં પરમાણુ ઊર્જાથી વીજળી બનાવવાની સંપૂર્ણ પ્રક્રિયામાં ખૂબ જ ઓછા પ્રમાણમાં કચરો પેદા થાય છે અને વીજળી બનાવવામાં ઈંધણનો ઉપયોગ કર્યા બાદ જે કંઈ વધે છે તેને પાણીની ઊંડી ટાંકીમાં ઘણા વર્ષો સુધી રાખી મૂકીએ છીએ, જેનાથી કોઈ વિકિરણ ફેલાય નહીં... પછીથી અમે તેનો ફરીથી ઉપયોગ કરીએ છીએ... જ્યારે કોલસા અને અન્ય સ્ત્રોતોથી નીકળતા $CO_2$, $SO_2$ અને $NO_2$ અત્યંત હાનીકારક હોય છે અને વાતાવરણને પ્રદુષિત બનાવે છે.


આની સાથે જ આપણા દેશમાં આ કચરાનાં સંચાલનની ટેકનીક પણ પૂર્ણ સ્વરૂપમાં વિકસિત છે. અને જે કોઈ કચરાના પદાર્થ નીકળે છે અમે તેને ઉચ્ચ ટેકનીક ધરાવતી મશીનોના ઉપયોગથી કંપ્રેસ કરીને જમીનમાં અંદર કોંક્રીટ અને સિમેંટથી બનેલા માળખાંમાં સુરક્ષિત રીતે દબાવીને રાખી મૂકીએ છીએ અને તે ઘણા વર્ષો સુધી જમીનમાં દબાયેલા રહે છે, જેથી તેનાથી વાતાવરણમાં આસપાસ કોઈ વિકિરણ ફેલાતા નથી... સમજ્યા...
સમજી ગયા સાહેબ...
હવે અમે તમને પરમાણુ વીજળી પેદા કરવા માટે જ્યાંથી પાણી લઈએ છીએ તે જગ્યા પર લઈ જઈશું...
(બધા લોકો નીચેની તરફ પાણીના સ્ત્રોતની તરફ જઈ રહ્યા છે...)


તમે લોકો જોઇ રહ્યા છો તે એ જ જગ્યા છે જ્યાંથી અમે વીજળી બનાવવા માટે પાણીનો ઉપયોગ કરીએ છીએ અન પાછું પાણી અમે ત્યાં જ મુક્ત કરીએ છીએ...
તો શું આ પાણી ફરી સરોવર, નદી કે દરિયામાં જતું રહે છે? આ તો ઘણું ગરમ હશે ને?
આનાથી તો પાણીમાં રહેતી માછલીઓ અને અન્ય જીવસૃષ્ટિને પણ નુકસાન પહોંચતું હશે...
આનાથી તો પાણીમાં વિકિરણ પણ ફેલાતું હશે...
શું આ પાણીનો તમે લોકો પીવા માટે પણ ઉપયોગ કરો છો?



અરે ભાઈ, બધા જો એક સાથે આવી રીતે પ્રશ્ન કરશો તો હું ઉત્તર કેવી રીતે આપી શકીશ? હું એક એક કરીને ઉત્તર આપું છું... નિશંકપણે વીજળીઘરમાંથી નીકળતું પાણી થોડું ગરમ હોય છે, પરંતુ કુલિંગ ટાવરમાં જઈને પાણીને પાછું ઠંડું કરીને પાણીના સ્ત્રોતમાં મુક્ત કરવામાં આવે છે, જેનાથી પાણીમાં રહેતા જીવ-જંતુઓ, ખાસ કરીને માછલીઓ પર કોઈ અસર પહોંચે નહીં... અને માછલીઓ સરળતાથી જીવી શકે છે... તમે થોડું નજીક જઈને ધ્યાનથી જુઓ... અને જ્યાં સુધી પાણીમાં વિકિરણ ફેલાવવાનો સંબંધ છે તો હું તમને જણાવી દઉં છું કે એવું કશું થતું નથી...
(મનસુખ નજીક જઈને ધ્યાનથી જુએ છે... તેને પાણીમાં કેટલીક માછલીઓ તરતી દેખાય છે...)
અરે હા, અહીં તો બહુ બધી માછલીઓ તરી રહી છે... એનો અર્થ એવો થાય છે કે લોકો ખોટી અફવા ફેલાવે છે...
બિલકુલ... અને જ્યાં સુધી પાણી પીવાનો પ્રશ્ન છે... તો આપણે સૌ લોકો એ જ પાણી પીએ છીએ... કારણ કે આ પાણી અન્ય પાણીની જેમ સામાન્ય પાણી છે, જેવી રીતે તમે તમારા ઘરોમાં પાણીને સ્વચ્છ કરીને પીવો છો તેવી જ રીતે તેને ઉપયોગમાં લાવતા પહેલા સ્વચ્છ કરવામાં આવે છે... ત્યાર બાદ જ પાણીને પરમાણુ વીજળીઘર અને તેની નજીક વસેલા લોકો સુધી પહોંચાડવામાં આવે છે... સમજ્યા!
તો શું અમે જે ખૂબ જ સ્વાદિષ્ટ અને મીઠું પાણી પીધું હતું તે શું અહીંનું જ હતું?
હા... તે અહીંનું જ હતું... એકદમ સાચું કહ્યું તમે, હા હા હા... (હસતા હસતા)


એક બીજી વાત જુઓ પરમાણુ વીજળીઘર અહીંથી કેટલી ઊંચાઈ પર બન્યું છે... એવી જ રીતે સમુદ્ર કિનારે બનેલા આપણા અન્ય પરમાણુ વીજળીઘરોને પણ અત્યંત ઊંચાઈ પર બનાવવામાં આવે છે... કારણ કે ઊંચાઈ અને યોગ્ય અંતરે હોવાને લીધે પાણીના મોજાથી આપણા વીજળીઘર સુરક્ષિત રહે છે... તેથી આપણે સુનામીથી પણ ડરવાની બિલકુલ જરૂર નથી...
તમે એકદમ સાચું કહો છો... દરેક બાબત આંખોની સામે છે...
તમે બધાએ પરમાણુ વીજળીઘરને તો જોઈ લીધું, હવે હું તમને સૌને ગામડાઓ અને કોલોનીની મુલાકાત કરાવું છું... પરંતુ તેના પહેલા તમને સહુને એક એવી જગ્યાએ લઈ જઈશ જ્યાં તમને ખૂબ મજા આવશે...
(બધા ત્યાંથી નીકળે છે અને ત્યાં તેમને થોડા અંતરે એક હોડી દેખાય છે. જેના પર બેસીને કેટલાક માછીમારો માછલી પકડી રહ્યા છે...)
કેમ નંદુ, કેમ છો? શું હાલ છે? આજ કાલ ખૂબ માછલીઓ પકડો છો.
અરે રામ રામ સાહેબ! બધી તમારી કૃપા છે. જો તમે લોકોએ અમને માછલી પકડવા માટે હોડી આપી ન હોત તો... અમે તો ભૂખ્યા મરી જાત... બધા માછીમારો તમારા ખૂબ આભારી છે...


અરે એવી કોઇ વાત નથી... અરે હા, આ લોકો જગદીશપુર ગામથી આવ્યા છે અને તમારી હોળીમાં બેસીને ફરવા માગે છે... તેમને કેરી અને અન્ય ફળોના બગિચા જોવા માટે લઈ જવા છે... તૈયાર છો?
હા સાહેબ... અત્યારે જ લઈ જઉં છું... (બધા લોકો હોડી પર બેસી જાય છે... થોડી જ વારમાં એક જગ્યાએ કિનારા પર હોડી રોકાય છે અને બધા લોકો ત્યાં ઉતરી જાય છે...)
(એક ખૂબ જ સુંદર ફળોના બગિચાનુ દ્રશ્ય... જ્યાં બહુ બધી કેરી, દાડમ, કેળા અને તરબૂચના વૃક્ષો જોવા મળે છે...)
અરે આપણે બધા ક્યાં આવી ગયા? આ તો સ્વર્ગ જેવું લાગે છે. ચારેય તરફ કેરીના બગિચા, દાડમ, કેળા અને તરબૂચના વૃક્ષો... અરે વાહ મજા આવી ગઈ... કેટલા બધા ફળોના વૃક્ષો છે. ભૂખ પણ ખૂબ જ લાગી છે.



હવે આપણે બધા અહીં જ બેસીને આ સ્વાદિષ્ટ ફળોને ચાખીશું...
(કેરી ખાતા ખાતા...) અહે વાહ! આ તો ખૂબ જ મીઠી, રસીલી અને સ્વાદિષ્ટ છે... મજા આવી ગઈ ખાઇને...
ભાઇ હું તો કેળા જ ખાઇશ...
પરંતુ સાહેબ... પરમાણુ વીજળીઘરની નજીક છે તેમ છતાં પણ અહીં આટલા બધા ફળો કેવી રીતે છે... અને એ પણ આટલા સ્વાદિષ્ટ... શું વિકિરણની તેમના પર કોઇ અસર પહોંચતી નથી?
આ જ વાત અમે લોકો સુધી પહોંચાડવા માગીએ છીએ કે પરમાણુ વીજળીઘરની આસપાસની જગ્યા ખૂબ સ્વચ્છ અને હરિયાળી હોય છે અને અહીંનાં ફળોના બગિચા પર તેનો કોઇ પ્રભાવ પડતો નથી. સમયે સમયે અમે આ તમામના નમૂના લઈને અમારી પ્રયોગશાળામાં તપાસીએ છીએ કે જેથી અમને તેની શુદ્ધતા અંગે પણ જાણ થાય, તેની સાથે ઉચ્ચ ટેકનીકની મદદથી અમે બીજોની ગુણવત્તા પણ વધારીએ છીએ, જેથી અમારી કેરીના ફળ, કેળા, દાડમ અને અન્ય ફળો વધુ સ્વાદિષ્ટ બને છે અને જો તમે પરમાણુ વીજળીઘરની અંદર ગયા તો તમને કોઇ વિકિરણ લાગ્યું નહીં તો અહીં તેની અસર કેવી રીતે પડશે.


હા જિગ્નેશ બેટા... તુ એકદમ સાચું કહતો હતો... હવે અમને સંપૂર્ણ રીતે વિશ્વાસ થઈ ગયો છે કે પરમાણુ વીજળીઘર સ્થપાવાથી અમારા ખેતરો, કેરીના બાગ, પાક, માછલીઓ બધું જ સુરક્ષિત રહેશે... તેના પર આની કોઈ અસર પહોંચશે નહીં.
બધા લોકો થોડી વાર સુધી મજાક–મસ્તી કરે છે અને પછી ફળો ખાઈને હોડીમાં પાછા બેસી જાય છે.
જિગ્નેશ બેટા... આજની મુલાકાત અમે જીવનભર નહીં ભૂલીએ...
હવે ચાલો, હું તમને સૌને ગામડા અને કોલોની તરફ લઈ જઉં છું...
(હોળી કિનારા પર આવીને રોકાય છે... ગામના બધા લોકો હોળીમાંથી ઉતરીને કોલોની તરફ ચાલવા લાગે છે... રસ્તામાં તેમને એક વૃદ્ધ પુરુષ મળે છે જે પોતાના પૌત્રને ખોળામાં લઈને આવી રહ્યા હોય છે...)
અરે સિંહા સાહેબ, નમસ્કાર! શું હાલ છે? આજે તમારા પૌત્રને લઈને ક્યાં જઈ રહ્યા છો?
નમસ્કાર કુમાર સાહેબ! બસ ખાલી ફરવા નીકળ્યો છું... તમે કહો આજે આટલા બધા લોકોને લઈને ક્યાં જઈ રહ્યા છો?


અરે કંઈ નહીં... આ અમારા મિત્રો છે જે આજે જ જગદીશપુરથી આવ્યા છે, તેમને કોલોની અને ગામડા બતાવવા નીકળ્યો છું... મનસુખજી આ સિંહા સાહેબ છે... 40 વર્ષો સુધી તેમણે આ જ પરમાણુ વીજળીઘરમાં કામ કર્યું છે અને સેવાનિવૃત્ત પછી તેઓ તેમના પરિવાર સાથે અહીં સ્થાયી થઈ ગયા... તેમને એક છોકરો અને છોકરી છે અને એક નટખટ પૌત્ર છે... દિકરી વિદેશમાં ભણે છે... અને દિકરો પણ સારી કંપનીમાં ઊંચા હોદ્દા પર કામ કરી રહ્યો છે... તમે જોઈ રહ્યા છો... અત્યારે પણ સિંહા સાહેબ કેટલા તંદુરસ્ત છે?
હા, તેમને જોઈને તો કોઈ કહી ન શકે કે સેવાનિવૃત્ત થયા છે અને 40 વર્ષો સુધી પરમાણુ વીજળીઘરમાં કામ કર્યું છે.
(સિંહા સાહેબ સાથે વાત કરીને એ લોકો આગળ વધે છે... રસ્તામાં ગામડું આવે છે... ગામડાના પાકા માર્ગો, ગટરો, શૌચાલય, સામુદાયિક કેન્દ્ર જોઈને સૌ આશ્ચર્ય પામે છે...)


અરે વાહ, કેટલા પાકા અને સ્વચ્છ રસ્તા છે... ગટરો પણ બની છે...
અરે પેલું જુઓ, પાણી માટે જગ્યા જગ્યાએ હેન્ડપંપ પણ લાગ્યા છે...
આ બધું તમે લોકોએ બનાવ્યું છે?
હા, તમામ વિકાસ ગામમાં પરમાણુ વીજળીઘર બન્યા પછી થયો છે...
જોયું કાકી, મેં જણાવ્યું હતું ને...


राजकीय कन्या पाठशाला
(થોડી વાર પછી તેમને રસ્તામાં એક પ્રાથમિક વિદ્યાલય દેખાય છે... સરકારી કન્યા શાળા, જ્યાં બાળકોને પુસ્તકો, નોટબુકો અને દફતર નિઃશુલ્ક વહેંચવામાં આવી રહ્યા હતા...)
અરે વાહ! ગામડામાં છોકરીઓ માટે પાઠશાળા... અમારા ગામડામાં તો છોકરાઓ માટે પણ પાઠશાળા નથી... અહીં તો છોકરીઓ પણ સ્કૂલ જઈ રહી છે...
(થોડા અંતરે સિવણઘર દેખાય છે.. જ્યાં ઘણી સ્ત્રીઓ સિવણ શીખી રહી હોય છે...)
Silayi Ghar
અરે આ તો સિવણઘર છે... આ લોકોને સિવણ મશીન કોણે આપ્યું?
આ લોકોને અમે જ સ્વરોજગારના સાધનો પૂરા પાડ્યા છે... આ દરેક છોકરીઓ પરમાણુ વીજળીઘરમાં ઉપયોગમાં લેવામાં આવતા વસ્ત્રોને સીવે છે... અને અમે તેમને યોગ્ય કિંમત આપીને તેમની પાસેથી ખરીદીએ છીએ...
ભઈ વાહ! આ તો ખૂબ જ સારી વાત છે...


HOSPITAL
NPCIL AMBULANCE
આગળ જતા પ્રાથમિક સારવાર કેન્દ્ર પર ઘણી ભીડ જોવા મળે છે... ત્યારે જ ત્યાંથી એક મહિલા ડોક્ટર બહાર આવતા દેખાય છે...
નમસ્તે ડો. આભા! કેમ છો તમે?
અરે નમસ્તે કુમાર સાહેબ! હું એકદમ મજામાં છું. તમે કહો...
શું વાત છે? આજે આટલી ભીડ કેમ છે... શું કોઇ સારા સમાચાર છે?
હા, આજે ગામમાં રહેતા પાંડુ માછીમારની પત્ની ફુલવાએ જોડિયા બાળકોને જન્મ આપ્યો છે... બધા લોકો તેમને અભિનંદન આપવા માટે આવ્યા છે... એટલા માટે આટલી ભીડ છે...
અરે વાહ! મારી તરફથી પણ તેમને અભિનંદન પાઠવજો...
જોયું લક્ષ્મીકાકી... સવિતાકાકી કેટલી ખોટી વાત કહી રહ્યા હતા... આજે તમે તમારી આંખોથી જોઇ લીધું કે પરમાણુ વીજળી ઘરની આસપાસ રહેવાથી કોઇ વિકિરણ નથી નીકળતા... નહીંતર ફુલવા ક્યારેય માતા બની શકી ન હોત...
આવો હવે હું તમને સૌને કોલોની બતાવું છું... કોલોની થોડી દૂર છે તેથી આપણે સૌ બસમાં જઈશું...
હા, જિગ્નેશ બેટા... તું સાચું કહેતો હતો... ગામડે જઈને સવિતાના કાન ખેંચીશ...
(બધા લોકો લક્ષ્મીકાકીની વાત સાંભળીને ખડખડાટ હસી પડે છે...)


(બધા લોકો બસમાં બેસી જાય છે અને થોડી જ વારમાં કોલોની પહોંચી જાય છે... કોલોનીનું દ્રશ્યઃ મકાનોનું દ્રૃશ્ય, સામુદાયિક કેન્દ્ર, દુકાનો, પાકા માર્ગો, લાઈટો, વૃક્ષોના ઝૂંડ, કાર વગેરે...)
અરે આ તો ખૂબ જ સરસ કોલોની છે. દરેક ચીજવસ્તુઓ ખૂબ જ વ્યવસ્થિત તેમ જ સુંદર રીતે બનાવવામાં આવી છે... સ્વચ્છતાનું પણ ઘણું ધ્યાન રાખવામાં આવ્યું છે...
ભાઈ કોલોની જોઈને તો મને પણ અહીં રહેવાનું મન થાય છે... (દરેક લોકો હસે છે...)
હા સાહેબ, વાસ્તવમાં જ્યારે જિગ્નેશે અમને જણાવ્યું હતું ત્યારે અમને વિશ્વાસ તો આવ્યો હતો, પરંતુ આજે પરમાણુ વીજળીઘરમાં ફર્યા બાદ તો અમારા દરેક ભ્રમ દૂર થઈ ગયા...
તમે જોયું કે પરમાણુ વીજળીઘર સ્થાપવાથી આખા ગામડા અને તેની આસપાસના ક્ષેત્રનો કેવી રીતે વિકાસ થાય છે? મને પૂરી આશા છે કે અહીં ફરીને તમને લોકોને ઘણી વાતો જાણવા મળી હશે.. અને તમારા મનમાં જે કોઈ મૂંઝવણો હતી તે દૂર થઈ હશે...
હા અમારી દરેક શંકાઓ અને ગેરસમજો દૂર થઈ ગઈ છે...
કા, અમે સૌ હવે જાણી ગયા છીએ કે વિકાસનો અર્થ શું થાય છે? વિકાસ કેમ જરૂરી છે?
અને હા, હવે અમે પણ છાપરા લાગેલા ઘરોમાં નહીં રહીએ... અમારા ઘર પણ હવે પાક્કા બનશે... (દરેક લોકો હસી ઉઠ્યા...)




મનસુખ અને ગામડાના લોકો પરમાણુવીજળીઘર ફરીને પાછા આવે છે ત્યારે શું થાય છે?

પરમાણુ વીજળીઘર અંગે મનસુખે જ્યારે અન્ય લોકોને જણાવ્યું ત્યારે શું થાય છે?

શું જગદીશપુર ગામમાં પરમાણુ વીજળીઘર સ્થપાઇ શકે છે? જાણવા માટે રાહ જુઓ, હવે પછીના અંકની...

## “અણુ ઊર્જા... દેશની ઊર્જા સ્વચ્છ ઊર્જા... સ્વચ્છ ભારત”

બદલાઇ ગયો
**મનસુખ...**
વાર્તા છે જગદીશપુરને આદર્શ ગામ બનાવવાની

ક્રમશઃ



एनपीसीआईएल
NPCIL

## ન્યૂક્લિઅર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ
### (ભારત સરકારનું ઉપક્રમ)

જાહેર હિતમાં જારી કરાયું...

પ્રકાશક :

**ડાયરેક્ટોરેટ ઓફ કોર્પોરેટ પ્લાનીંગ એન્ડ કોર્પોરેટ કોમ્યુનિકેશન્સ (સીપીએન્ડસીસી)**

૯-એસ-૧૪, વિક્રમ સારાભાઈ ભવન, અનુશક્તિ નગર, મુંબઈ-૪૦૦૦૯૪

ઈમેલ : cpcc@npcil.co.in

વેબસાઈટ www.npcil.nic.in